September 2024

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB


Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 19 • Issue 12 / 223

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

• Mumbai • Page 20 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

**દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**સર્વે સ્નેહીજનો,**

**પ્રણામ !**

આકાશમાં વાદળ છે વાદળમાં જળ છે એ જળમાં સમગ્ર સૃષ્ટિના જીવો માટે ભૌતિક કુશળ મંગળ સમાયેલું છે, એવી જ રીતે વેરમાંથી વાત્સલ્ય ભણી, સંગ્રામમાંથી સ્નેહભણી અને રાગ-દ્વેષની જ્વાળામાંથી લીલાછમ બાગ સુધી લઈ જવાનો સંદેશો આપીને, સૌ જીવોને શાતા આપીને ચર્તુવિધ સંઘનું મંગળ કરનારા પર્વાધિરાજ ક્ષમા રૂપી ભાવ પુષ્પની માળા પહેરાવી, આનંદોલ્લાસ સાથે પસાર થઈ ગયા. **શ્રી પાટણ જૈન મંડળના સર્વે પરિવારોને** અમારા સર્વે કમિટિ સભ્યો તરફથી **'મિચ્છામિ દુક્કડં'** સાથે બધા જ તપસ્વીઓના તપની અનુમોદના અને અભિવાદન કરીએ છીએ.

**મિત્રો ! આપ સૌના અંતરમાં આનંદનો ધબકાર છે**
**રોમે રોમે ખુશાલીનો રણકાર છે**
**શબ્દે શબ્દે શુભેચ્છાઓનો ટહુકાર સંભળાય છે.**

આપ સહુ પરિવારોને જરૂરથી સારા સમાચાર તો મળી જ ગયા છે કે પરમાત્માની અસીમ કૃપાથી, સહુના સાથ-સહકાર અને શુભભાવનાથી **લોનાવલા ખાતે ૭.૭૫ એકરની જગ્યાના ડોક્યુમેન્ટ્સ બની ગયા છે, એની સ્ટેમ્પડ્યુટી પણ ભરાઈ ગઈ છે.**

**Best of Best, A Grade Holiday Home** બનાવવા માટે એક લેન્ડ આર્કીટેક્ટની નિમણૂંક કરવામાં આવી છે. જે જરૂરિયાત મુજબની પરમીશન ગર્વન્મેન્ટ ડિપાર્ટમેન્ટમાંથી લાવી આપશે. મુંબઈથી એક બિલ્ડીંગ આર્કીટેક્ટની નિમણૂંક કરી લીધી છે જે આપણી જરૂરિયાત મુજબ પ્લાન તૈયાર કરીને લે-આઉટ બનાવીને આપશે. લગભગ **૯૦,૦૦૦ સ્કે.ફુટનું** બાંધકામનું પ્લાનીંગ કરીએ છીએ. આ બધા સાથે એક **આર્કીટેક્ટ લેન્ડ સ્કીપીંગની** પણ નિમણૂંક કરવામાં આવી છે, જે આપણને ઉત્તમ કક્ષાનું શ્રેષ્ઠ કહી શકાય તેવો પ્લાન બનાવીને આપશે. આ રીતે શ્રેષ્ઠ ટીમ બનાવીને **Fully Latest Aminetes** સાથે સંપૂર્ણ પ્રોજેક્ટ **`Holiday Home'**નો **નવ ગ્રહ જિનાલય** સાથે તૈયાર થશે. ત્યારે શ્રી પાટણ જૈન સમાજનું ગૌરવ અને ગરિમા વધશે. **વર્ષ - ૨૦૨૬ ડિસેમ્બરમાં** આન-બાન-શાન સાથે શહેનાઈની સુરાવલી સાથે સંપૂર્ણ તૈયારી કરીને ઓપનીંગ કરવાની ભાવના છે હમણા તો તા. ૨૦ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ભૂમિપૂજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

નવ ગ્રહ જિનાલય તો જરૂરથી નયનરમ્ય બનશે જ. તેમાં તો કોઈ કચાશ રહેશે જ નહીં. ૨૦૨૬ના અંત પહેલાં શુભ મૂહુર્ત જોઈને શરૂ કરી દઈશુ. તેનું કામકાજ પણ શરૂ તો થઈ ગયું છે.

**Holiday Home** માં બીજી સ્પોર્ટસની એક્ટીવીટીનું પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. ત્યાં **`T-20 Cricket Tournaments'** રમી શકાય તેવુ **Play Ground** બનશે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

બધા પાટણ પરિવારોને આ પ્રોજેક્ટમાં જોડાઈને, **'હમ હોગે કામયાબ'** સૂત્રને પરિણામ લક્ષી બનાવી શકીએ. દાતાશ્રીઓ

Cont. page 2

'80G, CSR Scheme' નો લાભ લઈને 'બે થી અઢી' વર્ષમાં દાન પૂરુ કરી શકે એ રીતે નાનામાં નાનો પટણી જોડાઈ શકે છે. એવી ભાવના સાથે દરેક પટણીઓને અપીલ કરું છું 'Life Time'- 'ન ભૂતો ન ભવિષ્યતિ'ની જેમ આ એક ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ પાટણ સમાજને માટે બનાવી રહ્યા છીએ. જેનો લાભ આપણી પેઢીઓથી પેઢીઓ સુધી બધાને મળતો રહેશે.

મને જરૂરથી વિશ્વાસ છે કે મારા પટણીઓ 'સાથી હાથ બઢાના' સૂત્રને અપનાવશે અને સફળતાપૂર્વક આ શાનદાર 'Holiday Home'નું સર્જન થશે.

**હોલી ડે હોમના પ્રોજેક્ટ માટે શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો) તરફથી રૂા. સવા કરોડનું દાન પ્રાપ્ત થયેલ છે તથા માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ - હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસીનો પાડો) તરફથી રૂા. ૩૦ લાખનું દાન પ્રાપ્ત થયેલ છે તે માટે તેમની અનુમોદના.**

તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ, ગરવારે ક્લબમાં, જીવન મહેંક કમિટિના શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહના નેતૃત્વમાં તેમની ટીમના સભ્યોની મહેનત અને સાથ-સહકારથી યુવક-યુવતી મિલન પરિચયનો કાર્યક્રમ, જેમાં ૧૦૦થી વધારો ઉમેદવારો સાથે 'Get-to-Gether' સફળતાપૂર્વક સંપન્ન થયો ખૂબજ પ્રસંશનીય આ કાર્ય થયું છે, તે માટે ખુબ ખુબ અભિનંદન. મારી પાસે જે માહિતી આવી છે તે મુજબ અત્યાર સુધીમાં ૧૬ થી વધારે સગાઈઓ, બન્ને પક્ષોની પાટણમાં થઈ છે સારો પ્રતિસાદ પ્રાપ્ત થાય છે.

તા. ૨૧ સપ્ટેમ્બર શનિવારના રોજ નેસ્કો - ગોરેગામ (ઈ) ખાતે પ્રોગ્રામ સમિતિના મુખ્ય શ્રી રોહિતભાઈ એમ. શાહના નેતૃત્વમાં તેના માનદમંત્રીઓ શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી, શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ અને શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ અને તેમની ટીમના સાથ-સહકારથી બહુજ આકર્ષક ભવ્ય અને જોરદાર દાંડિયા રાસનો પ્રોગ્રામ સમાજના નાના બાળકોથી લઈને મોટાઓ સુધીના શોખીન ખેલાડીઓ માટે આયોજીત કરવામાં આવ્યો હતો. ૯ જેટલા દાતા પરિવારોનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે, ૧૭૦૦થી વધારે પટણીઓએ ઉત્સાહભેર ભાગ લઈને આ કાર્યક્રમને માણ્યો બધાજ વિજેતાઓને અભિનંદન.

તા. ૨ ઓક્ટોબર બુધવારના રોજ, નેસ્કો ગોરેગામ શ્રી પાટણ જૈન મંડળ આયોજીત શાનદાર 'Trade Fair'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૨૦થી વધારે સ્ટોલનો લાભ પટ્ટણીઓએ લીધો છે. આ પ્રોગ્રામમાં પણ સમાજમાંથી ૯ ડોનરોએ આર્થિક સહયોગ આપ્યો છે. ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહના નેતૃત્વમાં એમની ટીમના સેક્રેટરીઓએ અથાગ મહેનત કરીને આ 'Trade Fair'ને સંપૂર્ણ સફળતા મળે તેવી રીતે તૈયારીઓ કરી છે. તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ દરેક સ્ટોલ ધારકો માટે એક 'Get-to-Gether' શ્રી પાટણ જૈન મંડળ - શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કોમ્યુનિટી હોલમાં રાખવામાં આવ્યું હતું, જેમાં વિગતવાર ઉંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરીને નાનામાં નાની વિગતો પણ આપવામાં આવી હતી. આ 'Trade Fair' માં પ્રથમ ૩૦૦૦ મુલાકાતીઓને રૂા.૫૦/-ની 2 Coupan Free of Charge માં આપવામાં આવશે, જે ૨૦% ડિસ્કાઉન્ટથી માલ ખરીદી શકે. આ સ્કીમનો લાભ બધાજ સ્ટોલ ધારકોને મળશે તેથી તેઓને બહુ જ પસંદ પડી અને ઉત્સાહમાં વધારો થયો. ઉપસ્થિત બધાએ તાળીઓના ગડગડાટથી આ સ્કીમને વધાવી લીધી. સમાજમાં દરેકે દરેક પરિવારના સભ્યોએ જરૂરથી આ 'Trade Fair'નો લાભ લેવાનોજ છે. આપણા જ સ્વજનો, પરિચિતો અને પરિવારોને પ્રોત્સાહન આપી, સાથ-સહકાર આપશો તો તેમનો આત્મવિશ્વાસ ઊભો થશે અને ભવિષ્યમાં પ્રગતિ કરી શકશે.

હું બધા જ સ્ટોલ ધારકોને 'Wish you All The Best' ની શુભેચ્છા આપું છું. આખો દિવસ બધા જ મુલાકાતીઓને ચા, કોફી, બિસ્કીટ તેમજ બિસલેરી બોટલ ફ્રીમાં મળશે.

રૂા. ૫ લાખની સખાવત ટ્રસ્ટી શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ તરફથી મેડિકલ ખાતામાં પ્રાપ્ત થયેલ છે. મેડિકલ સહાયમાં રૂા. બે કરોડનો ખર્ચ આવે છે દરેક પટ્ટણીઓને વિનંતી છે કે આપશ્રીને ત્યાં આવતાં શુભ પ્રસંગોએ પણ શ્રી પાટણ જૈન મંડળની મેડિકલ સહાયમાં સહકાર આપો, જેથી આપણા જ પાટણના સાધર્મિક પરિવારોનું સ્વાસ્થ્ય જળવાઈ રહી નિરોગીમય જીવન બને.

યુ.એસ.એ. માં શ્રી પાટણ જૈન મંડળના ટ્રસ્ટી શ્રી નિતીનભાઈ શાહ, શ્રી વિરાજભાઈ શાહ અને શ્રી મહેન્દ્રભાઈ સાંડેસરા તથા નવી નવી કમિટીઓ બનાવવાની મહેન્ત કરી રહ્યા છે. જેમાં અત્યારે શિક્ષણ સમિતિ બનાવી છે, આ સાથે એક બીજી કો-ઓર્ડિનેશન સમિતિ બનાવી છે, બાકીની સમિતિ માટે કાર્યકરો શોધી રહ્યા છે આશા છે કે ટૂંક સમયમાં ત્યાં પણ સમિતિઓ બની જશે.



**આભાર**

* * * * *



# શું આપણી જિંદગી
# સજાવટ કરેલા દિવાન ખાના જેવી છે ?

## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ

*પ્રણામ*

માણસ દુ:ખી છે તેનું કારણ એ છે કે તે સતત **મનમાં ને મનમાં પોતાની જાતને બીજા સાથે સરખાવતો જ રહે છે.** પોતાનાથી ચડિયાતા માણસો જેઓ વિશેષ પ્રકારે સાધન સંપન્ન, સુખી અને સમૃદ્ધિવાન હોય કે સમાજમાં પદ પ્રતિષ્ઠા ધરાવતો હોય તેનાથી બહુ જ પ્રભાવિત થઈને પોતાના મનમાં અસંતોષની લાગણીને જન્મ આપે છે ધીમે ધીમે એ લાગણી **ઈર્ષામાં** બદલાઈ જાય છે અને આવા માણસો પોતાના જીવનમાં પ્રગતિ કરવાને બદલે નિષ્ફળતાના માર્ગ પર ધકેલાઈ જાય છે.

સત્ય તો એ છે ભલે માણસ પોતાની જાતને બીજા ગુણવાન માણસો કે સુખી માણસો સાથે સરખાવે, પરંતુ તેવા માણસોમાં ગુણ કેવા ખીલ્યા છે, તે સુખી છે તો એ માણસ બીજાને પણ સહાયરૂપ થતો હશે જો તે માણસ સમાજમાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરીને પ્રિય બન્યો હશે તો જરૂર એ માણસમાં કંઈક આગવી વિશેષતા હશે. તેના વાણી, વર્તન, વ્યવહાર અને વિચારો દ્વારા સહુનું દિલ જીતી લેવાની કુશળતાવાળો હશે.

**પ્રભુએ તો દરેક માણસને પૂરતી શક્તિ અને તાકાત આપેલી છે, તેના પર તેણે પોતાના જીવનનું ઘડતર કરવાનું છે.** આપણે જે કાંઈ છીએ તેમાંથી જ આપણું વ્યક્તિત્વ ખીલવવાનું છે બિનજરૂરી બીજાથી પ્રભાવિત થઈને, બીજાનું અનુકરણ કરીને આપણી જિંદગી વેડફી નાખવાની નથી આ અંગે એક કથા સમજવા જેવી છે, જે વાચક મિત્રોને જરૂરથી ગમશે.

એકવાર અકબર બાદશાહે પોતાના દરબારમાં નવરત્નોને એક સાથે આમંત્રણ આપી બોલાવ્યા અને કહ્યું: 'આ દેશમાં મેં રામાયણની ખૂબ પ્રસંશા સાંભળી છે, તો મને એમ લાગે છે કે હું કાંઈ રામથી નાનો રાજા તો નથી, તો મારા જીવન પર રામાયણ કેમ ન લખી શકાય ?'

આઠ ઉચ્ચ પ્રધાનો 'રત્નો' મૌન રહ્યા. મૂંઝવણમાં મુકાઈ ગયા, બોલે પણ શું ? અકબર ભલે ગમે તેટલો મહાન હોય પરંતુ તેના જીવન પર રામાયણ કેવી રીતે લખી શકાય ? પરંતુ અકબરને સમજાવે કોણ ?

થોડીકવાર પછી બિરબલ બીજા આઠ રત્નોની મૂંઝવણ સમજી ગયો તે બોલ્યો:

'જી ! હજુર જરૂરથી લખી શકાય આપ પણ રામ જેવા જ રાજા છો, હું જરૂરથી આપના જીવન પર રામાયણ લખીશ. પરંતુ આ કામમાં મને એક વર્ષનો સમય આપો અને મારી આ કપરી મહેનતના કામ માટે એક લાખ સોનામહોર આપો.'

અકબરે બિરબલની માંગણી મંજૂર કરી અને કહ્યું: ભલે ગમે તેટલો ખર્ચ થાય પણ મારા જીવન પર રામાયણ તો લખાવી જોઈએ.

બિરબલ એક લાખ સોનામહોર લઈને એક વર્ષ મોજમજા કરતો રહ્યો એક શબ્દ પણ અકબરની રામાયણ વિશે લખ્યું નહીં. વર્ષ પૂરું થયું ફરી રાજસભા ભરાઈ. અકબરે માનભેર બિરબલને તેડવા રથ મોકલ્યો અકબરે પૂછ્યું: 'કેમ રામાયણ પૂરી થઈ ગઈ ?' તો હવે દરબારમાં સહુને બતાવો અને વાંચી સંભળાવો અકબરના આનંદનો તો કોઈ પાર નહોતો.

બિરબલે કહ્યુ: 'જી, હજુર ! રામાયણ તો લગભગ પૂરી થવા જ આવી છે, પરંતુ માત્ર એક પ્રસંગ માટે હું અટકી ગયો છું, મારે એ બાબતની જાણકારી આપની પાસેથી લેવી છે એ વગર રામાયણ પૂરી નહીં થાય મને જણાવો કે રામાયણમાં તો સીતાનું અપહરણ રાવણે કહ્યું હતું. તો આપની બેગમનું કોણે કર્યું તે વાત જો જણાવો તો હમણા જ અહીં આપની રામાયણ પૂરી થાય.'

અકબર આ વાત સાંભળીને લાલચોળ થઈ ગયો. ગુસ્સામાં આવી તેનો હાથ તલવાર કાઢવા પર મ્યાન પર ગયો અને કહ્યું; 'શું બિરબલ તમે પાગલ થઈ ગયો છો ? મારી બેગમ સામે કોઈ આંખ તો ઉંચી કરે ! તેની આંખો કઢાવી નાખું, તું કેવી વાત કરી રહ્યો છે ? જો તારી બદલીમાં કોઈ બીજાએ આમ પૂછ્યું હોત તો તેનું માથુ વાઢી નાખ્યું હોત.'

બિરબલે ખૂબ જ શાંતિથી જવાબ આપ્યો તો પછી રામાયણ નહીં લખી શકાય રામાયણમાં આ પ્રસંગનું જ તો મહત્વ છે.

અકબરે કહ્યું; એમ હોય તો રહેવા દે મારે રામાયણ નથી લખાવવી તમારા મહાભારત વિશે મેં હું સાંભળ્યું છે. તો મહાભારત લખી શકાય ?

બિરબલે કહ્યું; જહાપના તમે બે ફિકર રહો, આવી કોઈ વાત નહીં આવે પાછું એક વર્ષ થયું. બિરબલ ફરી પાછો દરબારમાં ખાલી હાથે પાછો ફર્યો અકબરે મહાભારત જોવા માગ્યું. બિરબલે કહ્યું, મને માફ કરજો અડધું મહાભારત તો તૈયાર થઈ ગયું છે, પણ એક

પ્રસંગ અંગે મુશ્કેલી ઊભી થઈ છે તેના વગર આ ગ્રંથ અધૂરો રહેશે. મહાભારતમાં દ્રૌપદીના પાંચ પતિ હતા, બેગમના તો આપ એક જ પતિ છો તો બીજા ચાર પતિ કોણ છે ?

તે વખતે તો અકબરે ફરી ગુસ્સામાં મ્યાનમાંથી તલવાર ખેંચી જ કાઢી અને આગચોળ થઈને રાડ પાડીઃ 'તું સમજે છે શું તારા મનમાં,' આવો પ્રશ્ન પૂછવાની તારી હિંમત કેમ ચાલી ?

બિરબલે કહ્યું; જનાબ ! આપ શાંત થાવ આમાં મારો તો કોઈજ વાંક નથી આપશ્રીને રામાયણ અને મહાભારત વિશે જો લખવું હતું તો આના વગર કેવી રીતે લખી શકાય.

અકબર તરત જ બિરબલનો ઈશારો સમજી ગયો તે બોલ્યો; મારે કશું લખાવું નથી. મને એક વાત સમજાઈ ગઈ છે કે બીજાનું ચરિત્ર પોતાના પર લઈ ન શકાય હું જે છું તે જ સારો છું.

**માણસ જે કાંઈ છે તે પોતાની શક્તિ અને ગુણધર્મોથી બરાબર છે તેને બીજા કોઈ જેવા બનવાની જરૂર નથી. માણસ બહુધા રહસ્યમય રીતે જીવતો હોય છે. આપણે બધું બહારથી જોઈએ છીએ અને અંજાઈએ છીએ. કોઈના ઘરના દિવાનખાનાની સજાવટ જોઈને તેના ઘરનો ખ્યાલ નહીં આવે. દીવાનખાનાની દુનિયા અલગ છે, તે બીજાને બતાવવા માટે હોય છે તેથી તેની સજાવટ કરવામાં આવે છે. આપણે જિંદગીને દિવાનખાના જેવી સજાવટ કરીને બહાર બતાવીએ છીએ પરંતુ આંતરિક જિંદગી તો સંઘર્ષમાં વીતી જાય છે. પોતાની જાત સાથે લડવામાં જ માણસ હારી જાય છે અને સમાપ્ત થઈ જાય છે.**

**અસ્તુ**

## સુખનું સવાર ઉગશે



આદરણીય વડીલો, સેવાભાવી સદ્‌ગૃહસ્થો, માનનીય દાતા પરિવારો, સ્નેહાળ સાથીઓ અને વ્હાલા વાચક મિત્રોઃ-

સુખનું સવાર ઉગશે, આનંદ સાગર ધૂંધવશે,
રંગત જામી છે સેવાની હવે, સોનાનો સૂરજ ઉગશે,
સપના પૂરા થશે સહુ પટણીઓના, પંચાસરા દાદાના આશિષ
અદ્‌ભુત બનશે લોનાવલા...
સુખનું સવાર ઉગશે....

સખત મહેનતને અંતે આજ આશાનું કિરણ પ્રગટ્યું.
આનંદ કેરા રંગો દેખાશે, સૌ સુખના રંગે રેગાશે...
સુખનું સવાર ઉગશે....

પ્રમુખ શ્રી દાનેશભાઈ અને તેમની ટીમની,
મહેનત ઘણી છે, દોડધામ કરે ખુબ,
રાત દિવસના ચિંતનથી, સહુ કામ કરે છે શુભ,
સુખનું સવાર ઉગશે....

સહકાર મળ્યો સૌ દાતાઓનો આ વિશાળ ભવનને કાજે,
નામ થશે અંકિત અહીં પટણી પરિવારના...
સુખનું સવાર ઉગશે....

❑ **શ્રીમતી શીલા ડી. શાહ (બોરીવલી)**

## 'પટણી', છુ ને... ?

'પટણી', છુ ને... ?
પાટણનો રહીશ છું, પાટણનો વતની છું.
પાટણમાં જન્મ્યો નથી પણ પાટણનો વંશ જ છું.
પટણી, છું ને... !

વાળુ કરી પંચાસરા, શામળાજી
દર્શન કરવા જાઉ છું.
પૂનમ કરવા શંખેશ્વર જાઉં છું.
મહિનામાં પાંચ દેરાસર દર્શન કરું છું
પટણી, છું ને... !

ઉચ્ચશિક્ષિત સમાજનો સભ્ય છું.
દેશ વિદેશમાં વસું છું
સાહસથી આગળ વધું છું
હરવા, ફરવા, જમવાનો શોખીન છું.
પટણી, છું ને... !

સાધર્મિકની સેવામાં તત્પર છું,
માનવતામાં માનું છું
બર્બરતા, બિભિત્સતા, અંધશ્રદ્ધાથી દૂર રહું છું
શિક્ષણ, સાંસ્કૃતિક, રમતગમતમાં સદા આગળ રહું છું.
પટણી, છું ને... !

'બેંક' ધરાવતા સમાજનો અંશ છું.
જીવદયા તથા અહિંસાનો પ્રતિક છું
પ્રેમ, કરુણા, ભ્રાતૃભાવને 'પ્રતિબિંબિત' કરું છું
હા, પટણી પટણી અને પટણી, છું ને... !

❑ **શ્રી દીપકભાઈ ગુણવંતલાલ શાહ (પુના)**

**શ્રી પાટણ જૈન મંડળનાં માનનીય પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) તથા સમગ્ર ટીમના કાર્યકરો. આદરણીય વડીલો, સેવાભાવી સદ્‌ગૃહસ્થો, માનનીય શ્રી દાતા પરિવારો, સ્નેહાળ સાથીઓ અને વ્હાલા વાચક મિત્રો....**

**ઉરને આંગણિયેથી**

**અનુમોદના... અભિવંદના**

**પ્રકૃતિનો સંદેશ છે કે, ''હે ! માનવ, દેવ દુર્લભ માનવ જન્મ તને આપીને પ્રભુએ તારું ગૌરવ કર્યું છે, એ માનવ જન્મ ધન્ય બને એવા રૂડા કાર્યો તુ કરજે સ્વયં પ્રભુ પ્રસન્ન થશે.''**

**પ્રત્યેક વ્યક્તિના જીવનમાં ભાગ્યદેવી સુવર્ણપાત્ર લઈને આવતી હોય છે એવી જ ધન્યઘડીએ ભાગ્યદેવીએ શ્રી પાટણ જૈન સમાજમાં પગલા પાડયા.**

પાટણ સમાજની પ્રજાને વર્ષોના વર્ષો પહેલા જ્યારે મુંબઈ ખાતે શ્રી પાટણ જૈન મંડળની સ્થાપના થઈ, જે વર્તમાનમાં એમ જાણવા મળ્યું છે કે **૧૧૨ વર્ષના સુવર્ણ ઈતિહાસમાંથી** પસાર થવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે, આપણાં પુરોગામી વડીલો, **દીર્ઘદ્રષ્ટિવાન પ્રમુખોએ** પાટણ સમાજના વિકાસ માટે તન, મન, ધનનો વ્યય કરીને સમાજને પ્રગતિના પંથે લાવી મૂક્યો છે તે માટે તેઓનો હૃદયથી આભાર... અનુમોદના.

હમણાં આજના વર્તમાન સમયે તો નવયુવાને જે નેતૃત્વનો દોર સંભાળ્યો છે તેવા માનનીય પ્રમુખ **શ્રી દાનેશભાઈ** અને તેમની **સમગ્ર ટીમોના સભ્યો,** જેઓ વિવિધ કમિટિઓનું કાર્યવહન કરી રહ્યા છે તે માટે તો સમાજનાં દૂર-દૂર વસતાં લોકોના દેશ-વિદેશથી જે પ્રતિભાવો મળ્યા છે. તેમના વિચારોની અભિવ્યક્તિને આ પત્રમાં આલેખવામાં આવ્યો છે.

ખૂબ ખૂબ ખુશી થઈ પાટણ જૈન મંડળના આંગણે, સોનામાં સુગંધ ભળી....

પાટણ પરિવારોના પ્રબળ પુણ્યના ઉદયથી લોનાવલાની ધરતી પર નવગ્રહ જિનાલય જૈન શાસનની ધજાઓ ફરકાવા માટે નિર્માણ થવા જઈ રહ્યું છે તે સાથે જ શાનદાર, આરામદાયક **'હોલિ-ડે-હોમ'** સંપૂર્ણ રીતે આધુનિક સગવડો સાથે તૈયાર થવાના પગરણ મંડાઈ ચુક્યા છે. **પાટણ નિવાસી ભામાશા, મોતીશા, જગડુશા જેવા ઉદાર દિલના દાતાઓનો પણ તેમાં શંખનાદ સંભળાઈ રહ્યો છે** અને હજુ તો અનેક આવા દાનવીરો સત્કાર્યના ભાગીદાર થશે તેવી આશા અને અપેક્ષા છે એમ લાગે છે કે **શ્રી કૃષ્ણ ભગવાને પંચજન્ય શંખ ફૂંક્યો** હતો અને એક નવી નીતી અર્પણ કરી હતી, એવી જ રીતે આજે અભિનવ ક્રાંતિના જનક શ્રી પાટણ જૈન મંડળના **પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા)** તથા સંપૂર્ણ ટીમે ખુબ જ ઉત્સાહ અને ઉમંગથી **'હમ હોંગે કામયાબ'ના સૂત્રને** અપનાવી સાથ-સહકાર આપી રહ્યા છે તે ગૌરવની વાત છે.

માતૃભૂમિ પાટણ માટે અનન્ય પ્રેમ અને લાગણીથી સેવા આપનાર **સ્વપ્નદ્રષ્ટા શ્રી દાનેશભાઈને સાથ અને હાથ આપનારા હજારો હાથ** એક થઈને પરિશ્રમ અને ખંતથી કામ કરે છે. **'ન ભૂતો ન ભવિષ્યતિ' ની** જેમ મંડળ હવે સમૃદ્ધ બનતું જાય છે.

**૧. સિદ્ધાચલની યાત્રા**

**૨. સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટર**

**૩. શિખરજી ભવ્ય યાત્રા**

**૪. પાટણ ખાતે શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્કુલ નવ નિર્મિત**

**૫. લોનાવલા હોલી ડે હોમ**

આ પાંચ તો પાટણની નોંધનીય પ્રસિદ્ધિ છે.

**દૈનિક તો આર્થિક સહાય, મેડિકલ સહાય, પબ્લિક હેલ્થકેર સેન્ટર, એજ્યુકેશન સહાય વગેરે તો કાર્યરત છે. નવરાત્રીના દાંડિયારાસ, મ્યુઝિકલ પ્રોગ્રામ, ક્રિકેટ મેચો, ટ્રેડફેર, યુવક-યુવતી પરિચય મિલન, વુમન એમ્પાવર મેન્ટ, યુથ એમ્પાવરમેન્ટ, ઈમ્પોર્ટ-એક્સપોર્ટ, ઈકોનોમિક અપ્લિફટમેન્ટ, પર્યુષણ પ્રવચન, જેવા અનેક આધ્યાત્મિક તથા મનોરંજન કાર્યક્રમો તો ખરા જ. સાથોસાથ વિદ્યાભ્યાસ માટે પ્લેગ્રુપથી પોસ્ટગ્રેજ્યુએશનની સ્કુલ-કોલેજ તેમજ શ્રુતજ્ઞાનની આરાધના કરવા સિદ્ધહેમ જ્ઞાનપીઠ વિગેરે સિમાચિન્હરૂપ કાર્યો થઈ રહ્યા છે.**

**આ બધી પ્રવૃત્તિઓને લીધે જ તો આજે સમગ્ર પાટણ સમાજના સ્વજન બનીને સહુ આનંદયાત્રામાં સહભાગી બની રહ્યા છે.**

દાનેશભાઈને લોનાવલાની ધરતી ઉપર નૂતન હોલિ ડે હોમના નિર્માણ અવસરે શ્રી પાટણ જૈન મંડળના દરેકે દરેક પરિવારોની શુભેચ્છા પાઠવતા અમને આનંદ થાય છે. **દિપક પ્રગટાવનારને ઘણી વખત ખબર નથી હોતી કે તેણે પ્રગટાવેલા દિપકે કેટકેટલા ઉપર ઉપકાર કર્યો છે,** વિશેષમાં તો આજની મોંઘવારીમાં મેડિકલ હેલ્થકેરનું સર્જન કરીને માનવસેવાનું અનન્ય કાર્ય થયું છે હાલમાં તો પાટણ સમાજ એક **'Sunrise Point'** બની રહ્યું છે.

**અભિનંદન** **અભિનંદન**










SHREE PATAN JAIN MANDAL OF USA
#DREAM
PROJECT
#LONAVALA


શ્રી પાટણ જૈન મંડળ
જીવન મહેક સમિતિ ફ્રેન્ડશીપ ગ્રુપ
આપ સર્વેનું હાર્દિક સ્વાગત કરે છે
Jeevan Mahek Committee
Co-sponsored
Monaben Vimleshbhai Shah (Vakhatji ni Sheri)









# શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક સમિતિ આયોજિત કાર્યક્રમ

**તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ ગરવારે ક્લબ ખાતે જીવન મહેક સમિતિ દ્વારા સાંજના ૧૫૦ યુવક-યુવતીઓની ઉપસ્થિતિમાં 'Meet & Greet'નો** કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ વી. શાહ** અને તેમનાં ધર્મપત્ની **શ્રીમતી કેતકીબેન શાહની** ઉપસ્થિતિમાં આ પ્રોગ્રામને ચાર ચાંદ લાગ્યા હતા. કન્વીનર **શ્રી હિતેનભાઈ વીમાવાળા,** સેક્રેટરી **શ્રીમતી હેમાબેન શાહ તથા શ્રીમતી મોનાબેન શાહ** અને **શ્રી સંજયભાઈ શાહની** આગેવાનીમાં કાર્યક્રમની શરૂઆતમાં **શ્રીમતી હેમાબેન શાહે નવકાર મંત્રના માંગલિકથી** વાતાવરણ શુભ બનાવ્યું હતું.

સેક્રેટરી **શ્રીમતી મોનાબેન તથા શ્રી સંજયભાઈએ** તેમજ કન્વીનર **શ્રી હિતેનભાઈ વીમાવાળાએ** યુવક-યુવતીઓ તેમજ તેમના વડીલોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ સાથે આ કાર્યક્રમના **એન્કર શ્રીમતી રેખા વીરા** તેમજ પ્રમુખ શ્રીનું સ્વાગત કરતા હિતેનભાઈએ જણાવ્યું હતું કે; 'આજના આધુનિક યુગમાં સમાજમાં જ્ઞાતિબંધનો તૂટતા જાય છે, પાટણના યુવક-યુવતીઓ પર જ્ઞાતિમાં સંબંધો જોડતા થઈ ગયા છે આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને તેઓને આપણા સમાજમાં અને આપણા જૈન જ્ઞાતિમાં પાછા ફરવા સંકલન કરવું બહું જરૂરી છે. આ વિચારથી પ્રેરાઈને એક **નવા વિઝન અને નવા મિશન** સાથે આજનો આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.' આના દ્વારા આપણા સમાજના યુવક-યુવતીઓ એકબીજાની નિકટ આવે, પરિવારજનો એકબીજાને ઓળખી અને વિચારોની આપલે કરી પોતાની અનૂકુળતા મુજબ મનગમતા જીવન સાથીને પસંદ કરી શકે તો સોનામાં સુગંધ ભળે અને તેમનું જીવન મહેકી ઉઠે.

શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈએ** આ પ્રસંગના કો-સ્પોન્સરર **શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહનું** અભિવાદન કર્યું હતું તેમજ કન્વીનર **શ્રી હિતેનભાઈ વિમાવાળા,** સેક્રેટરી **સંજયભાઈ શાહ, શ્રીમતી હેમાબેન, શ્રીમતી મોનાબેન** તથા કમિટી મેમ્બર્સને સુંદર આયોજન માટે અભિનંદન આપી આ કાર્યની પ્રસંશા કરી હતી. ત્યારબાદ લોનાવલા **ડ્રીમ પ્રોજેક્ટ 'હોલી ડે હોમ'નું પાવર પ્રેઝન્ટેશન** કર્યું હતું. આ જોઈને ઉપસ્થિત બધા જ લોકો પ્રભાવિત થયા હતાં.

ત્યારબાદ **એન્કર શ્રીમતી રેખાબેન વીરાનું શ્રીમતી હેમાબેન શાહે, શ્રી હિતેનભાઈએ** તેમજ **શ્રીમતી મોનાબેને અને શ્રી સંજયભાઈએ** સાથે મળીને પુષ્પ ગુચ્છ આપીને સન્માન કર્યું હતું અને તેમનો પરિચય આપતા જણાવ્યું હતું કે તેઓ મેટ્રીમોનિયલના અનુભવી છે અને અત્યારસુધીમાં લગભગ ૧૪૦ જેટલા યુવક-યુવતી મિલનના પ્રોગ્રામનું સંચાલન કરેલું છે. તેઓ અન્ય વિવિધ પ્રોગ્રામો પણ કરે છે.

**શ્રીમતી રેખાબેને** યુવક-યુવતીઓને મુંઝવતા પ્રશ્નોને વાચા આપી અને મા-બાપની મુંઝવણને પણ સમજીને માર્ગદર્શન આપ્યું હતું. બધાજ કેન્ડીડેટોને મંચ ઉપર બોલાવી તેમનો પરિચય આપવા જણાવ્યું હતું અને અંતમાં તેઓએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે; **'બાહ્ય દેખાવ કે રૂપિયા પૈસાને પ્રાધાન્ય આપવા કરતા આંતરિક ગુણો અને સુસંસ્કાર તથા સુવિચારો વધુ મહત્વ ધરાવે છે વ્યક્તિના ગુણો અને ખાનદાનીને પારખીને સંબંધો બાંધવા જોઈએ.'**

કાર્યક્રમના અંતે ડીનર લઈને આનંદ સાથે સૌ કોઈ છૂટા પડ્યા હતા.

❑ **જીવન મહેક સમિતિ**





# શ્રી પાટણ જૈન મંડળ યોજિત

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DATA SHRI

**લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના સંપૂર્ણ લાભાર્થી**
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**
શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ

**Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ
- શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

- શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ
- શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ - હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

- શ્રી દીપકભાઈ જિતેન્દ્રભાઈ શાહ
- શ્રી દિલિપભાઈ વરજીવનદાસ શાહ
- શ્રીમતી સેજલબેન (રૂપાબેન) મનીષભાઈ મજીઠીયા
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા

# LONAVALA PROJECT SCHEME

**Rs. 1.00+25 = 1.25 Cr. સાધ્વીજી ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

ઉપાશ્રય ઉપર ગોલ્ડન અક્ષરથી નામ આપવામાં આવશે
૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.

**Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે.
૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.
તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે,
જેના રૂા. ૨૫ લાખ રહેશે જેમાંથી રૂા. ૧૫ લાખ મૂર્તિ ભરાવવાના તથા
પ્રતિષ્ઠાના લાભના અને રૂા. ૧૦ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૮ લાખ અને ૫ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

---

બીજા અન્ય લાભો જેવા નાના મોટા Multi Purpose હોલ, બીગ એન્ટ્રસ લોબી,
ભોજનાલય તથા અન્ય ફેસેલીટીઓના લાભાર્થી લેવાના છે.
જેની વિગતવાર માહિતી પછીથી જણાવવામાં આવશે.
૫૦ લાખથી વધારે એમાઉન્ટના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.
દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.
જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

# બહુરત્ના વસુંધરા શ્રેષ્ઠીવર્ય શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહ



શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ





શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ

**શ્રેષ્ઠીવર્ય શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહ**

**''હીરો પહેલ પડે દીપે, દીપે ઘાટ ઘડાય,**
**ધૂપ જલે દીપક બળે, જીવન એમ જીવાય.''**

**જેમ ધરતીના પેટાળમાં કિંમતી રત્નો છુપાયેલા છે, તેમ ધરતી પર જીવન જીવતાં અનેક માનવરત્નો જોવા મળે છે. જીવનની આકરી કસોટીમાંથી પાર ઉતરનાર માનવીનું જ મૂલ્ય અંકાય છે, સામાન્ય સ્તર પરથી ઊંચે ઉઠતી વ્યક્તિને વિશાળ જનસમુદાયની સેવા કરવાનું સૌભાગ્ય સાંપડે છે ત્યારે તેનું જીવનસત્વ સુવર્ણની જેમ ઝળહળી ઉઠે છે. અને લોકકલ્યાણનો માર્ગ તેના માટે આપોઆપ ખૂલી જાય છે.**

**પ્રતિબિંબના વાચક મિત્રો, અને સમગ્ર શ્રી પાટણ જૈન મંડળના પરિવારોને વિચારવા અને સમજવા જેવું તેમજ ઘણી ઘણી અનુમોદના કરવા જેવા એક મુઠ્ઠી ઉંચેરા માનવીના જીવન પરિચયની ઝાંખી કરતાં ગર્વની લાગણી અનુભવાય છે.**

**શ્રીમતી શાંતાબેન તથા શ્રી કાંતિલાલ રતનચંદ શાહના** સુંસ્કૃત પરિવારમાં તા. ૨૬-૦૫-૧૯૫૪માં અમદાવાદ ખાતે **શ્રી રાકેશભાઈ** કુળદિપકનો જન્મ થયો તેઓએ આગળ જતાં ઉચ્ચ શિક્ષણ મધ્યપ્રદેશમાંથી લઈ સ્નાતકની ઉપાધી પ્રાપ્ત કરી. માતા-પિતા, પાંચ બહેનો તથા એક ભાઈ સાથે પરિવારની જવાબદારી સમજનાર અને સંભાળનાર **શ્રી રાકેશભાઈએ** મધ્ય પ્રદેશ ખાતે નવમાં ધોરણથીજ **Cleanising Chemicals** નો ગૃહઉદ્યોગ શરૂ કર્યો. **શ્રી રાકેશભાઈ** પહેલેથીજ માનવતા પ્રેમી અને બીજાનું શુભ કલ્યાણ જોનાર તથા દિર્ઘદ્રષ્ટિ ધરાવનાર વ્યક્તિ હતા. પોતાના સમાજને સાધન સંપન્ન સુખી બનાવવા માટે તેઓ સદાય તત્પર રહેતા. અમદાવાદ ખાતે પોતાના ભાઈ દ્વારા ચાલતા ગુવારગમના ઉત્પાદનને વધારવા સાથે વિટામીન ડીની ઔષધી માટે ૧૯૯૩માં એજન્સી સાથે વેપારી ધોરણે શરૂઆત કરી.

શ્રી રાકેશભાઈના જીવનમાં અનેક મહાન આચાર્ય ભગવંતોની અનહદ કૃપા અને પ્રેરણા તથા આશીર્વાદ મળતા રહ્યા. વિશેષ કરીને **પ્રેમ સૂરીશ્વરજી મહારાજ સાહેબ, સાગર સમુદાયના પૂ. આચાર્ય અભય સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂ આચાર્ય સાગરચંદ્ર સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ તેમજ સાધ્વીજી મહારાજ સરસ્વતીશ્રીજી, સદ્‌ગુણાશ્રીજી, તથા સુલસાશ્રીજીની અમી વર્ષા તેમના વરસતી રહી. તેઓ દરેક પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહી શકે છે.** રાકેશભાઈનું વ્યક્તિત્વ મુઠી ઉચેરુ છે. તેઓ સ્વભાવે નમ્ર અને શાલિન તથા મિત્તભાષી છે. સ્વ પ્રસિદ્ધિથી તેઓ હંમેશા દૂર રહે છે, વિનય અને વિવેક તેમના સદગુણો છે. તેઓ લાગણીસભર હોવાને કારણે નાના-મોટા સૌની સાથે મૈત્રીભાવ તેમજ આત્મિયતાભાવ રાખે છે.

શ્રી પાટણ જૈન મંડળના પૂર્વના સમયના સૂત્રધાર પ્રમુખ શ્રેષ્ઠીવર્ય **શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ** (વર્ષ ૧૯૭૬-૭૯ - કુંભારીયાપાડો) તથા **હેમકુમારી બેનના (S.K.)** જમાઈ છે. **શ્રી રાકેશકુમાર કે. શાહે તેમના ધર્મપત્ની શ્રીમતી ગીતાબેનના** આત્મશ્રેયાર્થે ખુબ ખુબ શાસનના ઉત્કૃષ્ટ કાર્યો કર્યા છે, તેમજ શૈક્ષણિક ક્ષેત્રે પણ અનુમોદનીય અનુદાન રહ્યું છે. પાટણ તથા **શંખેશ્વર ખાતે સરસ્વતી શિશુમંદિર, વલસાડ ખાતે ધરમપુરમાં SMSM** હાઈસ્કુલ મળીને પાંચ હજાર વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને આધુનિક શિક્ષણ સુવિધાઓ પ્રદાન કરીને માઁ સરસ્વતી તેમજ માઁ લક્ષ્મીજીના આશીર્વાદ મેળવી રહ્યા છે. ધરમપુર ખાતે આદિવાસી વિકાસ મંડળ સંચાલિત આશ્રમમાં અભ્યાસ કરતી **૨૦૦ વિદ્યાર્થિનીઓ માટે શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કન્યા છાત્રાલય** ચાલી રહ્યું છે.

**શ્રી રાકેશભાઈએ ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે અગણિત કાર્યો કર્યા છે, અનુકંપા દાનની પણ વ્યવસ્થા કરી છે. બાબુ અમીચંદ પનાલાલ જીનાલય વાલકેશ્વર ખાતે અગ્નિદેવતાની પ્રતિષ્ઠા કરવામાં આવી છે, ત્યાં પાઠશાળા પણ તેમના નામે ચાલે છે. એલીઝાબેથ હૉસ્પિટલ ખાતે ICU વોર્ડ, સિક્કાનગર સી.પી. ટેન્ક ખાતે સ્ત્રી મંડળ સંચાલિત કેન્સરથી પીડાતા બાળકો માટે વિશેષ ફંડ ઉપલબ્ધ કરાવી માનવતાનું ઝરણું વહેતું કર્યું છે. બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ સંચાલિત શ્રી નવનીત ગુજરાતી ભવન ખાતે આર્થિક સહયોગ આપીને બહારગામથી**

મુંબઈ આવનાર લોકો માટે સંપૂર્ણ સુવિધા સાથેની રૂમની પણ વ્યવસ્થા કરી છે. પાલિતાણા ખાતે જંબુદ્વીપમાં નેમીનાથ પ્રભુની પ્રતિષ્ઠા તથા ૧૦૮ ફુટના આદિનાથ દાદાની પ્રતિમા, પૂ. શ્રી અભયસાગર મ.સા. ગુરુમર્તિની પ્રતિષ્ઠા પણ કરી છે. ચંદ્રદિપક ધર્મશાળામાં સાધુ-સાધ્વીજી ભગવંતની વૈયાવચ્ચનો અનેરો લાભ લીધો છે.

ઉનાવા ખાતે શ્રી શંત્રુજય મહાતીર્થ પહાડની રચના અને શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ તીર્થસંકુલ, ઉમરવા, જેતપુર, કાવી, શ્રી પાર્શ્વપુરમ તીર્થ વિગેરે જગ્યા પર ધર્મશાળા, ઉપાશ્રય અને શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની ચાંદીની પ્રતિમાજી ભરાવવાનો લાભ લીધો છે.

મોડાસા ખાતે આવતી ચોવીસીના શ્રી નિર્મમ પ્રભુની દેરી, ધર્મશાળા, મંગલમૂર્તી તથા કાયમી ધજાનો લાભ લીધો છે. જોધપુર ખાતે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુજીની દેરી પર કાયમી ધજાનો લાભ લીધો છે. છોટા ઉદેપુર ખાતે શ્રી શુભોદય મોહન ભક્તિતીર્થમાં શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહના નામે સાધ્વીજી મહારાજ સાહેબ માટે ઉપાશ્રયનો લાભ લીધો છે. ઉદેયપુરમાં ગજ મંદિર ખાતે શ્રી કેશરિયાજી ઋષભદેવ મૂળનાયકજીની મૂર્તી ભરાવવાના સહાયક લાભાર્થી બન્યા છે.

આ ઉપરાંત અનેક યાત્રા પ્રવાસો પાંજરાપોળો, બ્લાઈન્ડ સ્કુલો, નેચરોપેથી મેડિકલ સેન્ટર (અમદાવાદ) તથા અન્ય વિવિધ સ્થળોએ ભોજનશાળા, આયંબિલ શાળા શ્રી સંઘ સેવા જેવા અનેકાનેક સત્કાર્યો પણ તેઓએ કર્યા છે. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજેસ્થાન, કર્ણાટક, બિહાર, ઉત્તરાખંડ વિગેરે વિગેરે સ્થળોએ સામાજિક, ધાર્મિક, આર્થિક સહાય તથા જ્ઞાન, દાન જેવા કાર્યોની શૃંખલાઓ રચી છે.

શ્રી રાકેશભાઈને વિવિધ સંસ્થાઓ અને મંડળો દ્વારા અનેક પ્રકારના એવોર્ડ્સ પ્રાપ્ત થયા છે તે ખુબ ખુબ અભિનંદનીય છે.

ગુજરાતી સમાજ દ્વારા પ્રતિષ્ઠિત ગીરનાર એવોર્ડ, અમદાવાદ દશા પોરવાડ સમાજ દ્વારા જ્ઞાતિરત્ન એવોર્ડ પ્રાપ્ત કરી શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પણ અભિવાદિત થયા છે. ભારતભરમાં જગડુશા ભામાશાનું સ્મરણ કરાવનાર શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહે જીનશાસનના ઉત્તમ કાર્યો કરી સંઘયાત્રા કરાવી સંઘવી પદ પ્રાપ્ત થયું.

મરીનડ્રાઈવ, મુંબઈ શ્રી પાટણ જૈન મંડળ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ

લોનાવલા ખાતે હોલી ડે હોમ (શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત) મુખ્ય લાભાર્થી

શ્રી પાટણ ખાતે ટી.ડી. હાઈસ્કુલમાં વિજ્ઞાન લેબોરેટરી

મુંબઈ ગોરેગામ ખાતે સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટરમાં એક્સ-રે ડિપાર્ટમેન્ટ વગેરેમાં આર્થિક યોગદાન આપવામાં આવ્યું છે.

મુળ વતન અમદાવાદ હોવા છતાં પાટણ સાથે અનન્ય પ્રેમ, લાગણી અને આત્મિયતાના ભાવથી સંબંધો ગાઢ બનાવ્યા છે. શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ, શ્રેષ્ઠીવર્ય શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ તથા શ્રીમતી હેમીબેનના આત્મશ્રેયાર્થે અંદાજીત રૂા. ૩૫ કરોડથી વધુ રકમનો સદઉપયોગ કરીને માતા લક્ષ્મીજીને પ્રસન્ન કરતા રહ્યા છે.

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી રાકેશભાઈને ખુબજ સારું સ્વાસ્થ્ય અર્પે અને તેઓ તેમના જીવનમાં વધુને વધુ સત્કાર્યોની શૃંખલામાં આગળ વધતા રહે તેવીજ પરમાત્માને પ્રાંજલભાવે પ્રાર્થના.




અભિનંદન



અભિવંદના

# લોનાવલા પ્રોજેક્ટના દાતાઓ

## મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી



શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ
(કસુંબિયા વાડો)



શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા
(કેશુશેઠનો પાડો)

**Respected President**

We are excited to announce the appointment of Dimple Shah from the Chicago area as the Director of the PJM US Member Enrollment Committee and Dhruv Shah from the New Jersey area as the Director of the PJM US Education Committee. Please join us in welcoming both Dimple and Dhruv to these mission critical roles as we work together to build and strengthen our community across the United States.

If you know any Patani members in the US who are passionate about Education, Healthcare, Accounting, or Social Upliftment and interested in contributing, please encourage them to send their resumes to patanjainusa@gmail.com

We look forward to the positive impact Dimple and Dhruv will bring in their new positions and to the continued growth and collaboration within our community.

**Dimple Shah (US)**
**Dhruv Shah (US)**


શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/–નું દાન આપી**

મેળવો ત્રણ ત્રણ લાભ

- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✳ મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ

ADVT

# વૃદ્ધજનની કોઠાસૂઝ

ચંદ્રાવતી નામે નગરીમાં રત્નશેખર નામે રાજા રાજ્ય કરતો હતો એને મદનસેન નામે એક પુત્ર હતો. રાજા જ્યારે વૃદ્ધ થયો ત્યારે એણે પુત્રને રાજગાદીએ બેસાડ્યો અને પોતે તાપસ બનીને રાજમહેલ છોડી વનમાં ચાલ્યો ગયો.

હવે રાજ્યમાં યુવાન મદનસેનની આણ વર્તવા લાગી. પણ મદનસેન રાજકાજનો પૂરતો અનુભવી નહીં હોય, મંત્રી, પુરોહિત વગેરે તેના સલાહકારો હતા. એક દિવસ મંત્રી યુવાન રાજાને કહે છે, 'હે રાજા, અહીં જે વૃદ્ધ પુરુષો આપની અને રાજ્યવહીવટની સેવામાં આવે છે તે ઘણુંજ અયોગ્ય છે કેમકે એ વૃદ્ધજનોની આંખો નિસ્તેજ બની છે, એમના મોઢામાંથી લાળ ગળે છે, ગળામાંથી કફ નીકળે છે અને તેઓ સતત નાક છીક્યા કરે છે. એમના શરીર શિથિલ થયા છે અને મોં ફિક્કા પડી ગયા છે. આવા ઘરડેરાઓથી આપણી રાજસભા શોભતી નથી. માટે એમને હવે સેવામાંથી છૂટા કરવા જોઈએ.

બિનઅનુભવી યુવાન રાજાને મંત્રીની આ સલાહ ગળે ઉતરી ગઈ અને એણે તરત જ એનો અમલ પણ કરી દીધો. ફરમાન કાઢીને જે જે વૃદ્ધ સેવકો હતા તેમને દૂર કરી દીધા અને પ્રતિહારનેસૂચના આપી કે વૃદ્ધોને રાજદારબારને બારણે આવવા દેવા નહીં.

હવે રાજદરબારમાં કેવળ યુવાનો જ નજરે પડતા હતા. રાજા પણ એના દિવસો સુખેથી પસાર કરતો હતો.

હવે એક દિવસ બન્યું એવું કે યુવાન રાજા મદનસેન અને એની રાણી એમના અંતઃપુરમાં સોગઠાબાજી રમતા હતા. ત્યારે રાણીએ મસ્તી-આવેશમાં આવીને રાજાને ચરણપ્રહાર કર્યો, રાજાને માટે આ નવાઈભર્યું હતું.

આ ઘટના બન્યા પછી રાજા રાત્રિના પાછલા પહોરે વિચારતરંગે ચઢી ગયો. રાણીએ મારા પ્રતિ ચરણપ્રહારની ચેષ્ટા કેમ કરી ? આનો સાચો જવાબ મને કોણ આપી શકે ? એ વિશ વિચાર કરતા કરતા રાજ્યમં એણે રાજસભામાંથી સઘળા વૃદ્ધોને દૂર કરવાનો કરેલો અમલ યાદ આવ્યો. એને થયું કે મારા દરબારમાં બધા યુવાનો જ છે હવે દૈવવશાત મારે માથે કોઈ દુશ્મનનું સંકટ આવી પડે તો એ સંકટમાંથી માર્ગ કેમ કાઢવો ? સાચો માર્ગ કોણ બતાવી શકે ?

બીજે દિવસે સવારે મદનસેન સભા ભરીને બેઠો. એણે આખીયે રાજસભાને સંબોધીને પ્રશ્ન કર્યો કે 'કોઈ વ્યક્તિ મને ચરણપ્રહાર કરે તો તેને મારે શો દંડ કરવો ? તમે વિચારીને મને કહો.

બધા જુવાનિયા કહેવા લાગ્યા, 'અરે સ્વામી ! જે વ્યક્તિ આપને ચરણપ્રહાર કરે એના ચરણના તો ટુકડેટુકડા કરી નાખવા જોઈએ.

પણ રાજાએ આ વાત માની નહીં. તે કહે, 'જે કોઈ વિચાર કરીને મને સાચો જવાબ આપશે તેને હું રાજ્યનો મુખ્યમંત્રી બનાવીશ.

સભા વિખેરાઈ સૌ પોતપોતાને ઘેર ગયા. બધા જ મનોમન એકસરખું વિચારવા લાગ્યા કે વૃદ્ધજન સિવાય આનો જવાબ કોઈ કહી શકે નહીં.

એક સદસ્ય પોતાને ઘેર આવ્યો ત્યારે એની રાહ જોઈને બેઠેલા એના વૃદ્ધ પિતા કહે, 'દીકરા ! આજે તારે સભામાંથી આવતા મોડું કેમ થયું ? જમવાની વેળા પણ વીતી ગઈ. તારી સાથે જ હું જમું છું એ તો તું જાણે છે ને ? આ મારો રોજનો નિયમ છે. પણ જો તું આમ મોડું કરે તો પછી મારો નિયમ પણ તૂટે.

પુત્ર કહે, 'પિતાજી, સભામાં આજે એક વાત બની તે સાંભળો. પછી એણે રાજસભામાં જે કાંઈ બન્યું હતું તે પિતાને કહી સંભળાવ્યું.

પિતા હસીને કહે, 'તું કશી ચિંતા કરીશ નહીં. આપણે પહેલાં ભોજન કરી લઈએ. સવારે તું સભામાં જઈને રાજાને કહેજે કે આપના પ્રશ્નોનો જવાબ મારા પિતા આપશે. જો રાજા સંમત થાય તો મને સભામાં તેડાવી લેજે. પુત્ર આનંદ પામ્યો.

બીજે દિવસે સવારે રાજસભામાં જઈને તેણે રાજાને કહ્યું કે, 'આપના પ્રશ્નનો જવાબ મારા પિતા કહેશે.

રાજા પહેલા તો થોડી અવઢવમાં પડી ગયો. કેમકે એણે જ વૃદ્ધજનોને રાજસભાના બારણે પણ ઢૂંકવાનો પ્રતિબંધ લાદ્યો હતો. છતાં એને થયું કે આ વૃદ્ધજનની પરીક્ષા તો કરું. એટલે રાજાએ એ યુવાન સદસ્યના પિતાને સભામાં તેડાવી મંગાવ્યા.

સભામાં આવેલા વૃદ્ધ પિતા કહે, 'આપનો આદેશ હોય તો હું મારું મંતવ્ય જણાવું. રાજાએ આદેશ આપ્યો.

વૃદ્ધ પિતા કહે, 'હે રાજા ! આપને જે વ્યક્તિ ચરણપ્રહાર કરે એનું તો મૂલ્યવાન મણીમાણેક-રત્ન અને વસ્ત્રાલંકારોથી બહુમાન કરવું.

રાજાએ પૂછ્યું, 'એમ શા માટે ? ત્યારે વૃદ્ધ કરે, 'હે રાજા ! આપને ચરણપ્રહાર કરવાની હિંમત કોણ કરે ? જે આપને ખૂબ પ્રિય હોય એજ. અને પ્રેમાળ પત્ની વિના આવું કોણ કરે ? રતિકલહની વેળાએ કે મોજમસ્તીના સમયમાં પત્ની જ આ ચેષ્ટા કરે. અને આવી ચેષ્ટા એ તો પતિ પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ છે.

રાજાએ વૃદ્ધની વાત માન્ય રાખી. આ વૃદ્ધનું તો સન્માન કર્યું જ પણ પોતે વૃદ્ધજનોને રાજસભામાંથી દૂર કરવાનો લાદેલ અમલ રદ કર્યો. રાજસભામાં પુનઃ વૃદ્ધજનો પ્રવેશ પામ્યા.

રાજાને પણ પ્રતીત થયું કે વૃદ્ધજનોનું અનુભવજ્ઞાન અને કોઠા સૂઝ ગજબના હોય છે તેથી કરીને યુવાનોએ વૃદ્ધજનોની સંગતિ ટાળવી જોઈએ નહીં.



# Shree Patan Jain Mandal
# SAURABH MEDICAL HEALTH CARE (Goregaon)

## We Welcome Donors for the following Department

| | | | |
|---|---|---|---|
| 26. | Physiotherapy | ... | 1.25 Cr |
| 27. | Dental | ... | 1.00 Cr |
| 28. | ENT | ... | 1.00 Cr |
| 29. | Pediatric | ... | 1.00 Cr |
| 30. | Homeopathy | ... | 0.50 Cr |
| 31. | Ayurvedic | ... | 0.50 Cr |

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah : Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi : Mo. 9820048367

**50 Lc** — **DERMATOLOGY DEPARTMENT**
Shri Narendrabhai Kantilal Khandwala (USA)

**25 Lc** — **DR. REPORTING ROOM**
Smt. Bhanuben Sureshchandra Himatlal Shah
Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben

**25 Lc** — **WAITING AREA**
Shri Shirishbhai Mafatlal Zaveri
Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar

**25 Lc** — **RECEPTION ROOM**
Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon)

**25 Lc** — **CONFERENCE ROOM**
Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara

**25 Lc** — **OPG SECTION**
Smt. Pravinaben Mahendrabhai Sandesara
Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara

**25 Lc** — **GASTROENTEROLOGY**
Shri. Jatinbhai Bhagwandas Shah
Haste: Smt. Ninaben Jatinbhai Shah

**25 Lc** — **CHEST MEDICINE**
Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani

**25 Lc** — **GASTRITIS**
Smt. Kinnariben Dipakbhai Shah

**25 Lc** — **ALZHEIMER & DEMENTIA**
Smt. Kiranben Pravinbhai Shah (USA)

## શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| | |
|---|---|
| 5.25 Cr | **MAIN DONOR OF PROJECT**<br>Smt. Arunaben Babulal Chhotalal Shah |
| 4.00 Cr | **CO. DONOR OF PROJECT**<br>Smt. Pannaben Kapoorchand Sonawala |
| 5.50 Cr | **2000 SQ.FT PROPERTY**<br>Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah |
| 2.50 Cr | **CARDIOLOGY DEPARTMENT**<br>Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste: Shri Bhupendrabhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri |
| 1.50 Cr | **PATHOLOGY DEPARTMENT**<br>Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) |
| 1.25 Cr | **SONOGRAPHY DEPARTMENT**<br>Smt. Geminiben Hemantbhai Kantilal Salvi |
| 1.25 Cr | **DIALYSIS CENTRE**<br>Shri Shantilal Nagindas Shah (Shubh Trust) |
| 1.25 Cr | **GENERAL SURGERY**<br>Smt. Vasumatiben Sevantilal Ambalal Shah |
| 1.25 Cr | **X-RAY DEPARTMENT**<br>Smt. Geetaben Rakeshkumar Kantilal Shah<br>Prerit : Shri Janakbhai Arvindkumar Shah |
| 1 Cr | **OPHTHALMOLOGY DEPARTMENT**<br>Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar |
| 50 Lc | **ORTHOPEDIC CENTRE**<br>Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri |
| 50 Lc | **GYNECOLOGY CENTRE**<br>Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah |
| 50 Lc | **SADHU BHAGWANT ROOM**<br>Smt. Neelaben Ashokbhai Popatlal Shah |
| 50 Lc | **SADHVIJI BHAGWANT ROOM**<br>Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah |
| 50 Lc | **MAMMOGRAPHY DEPARTMENT**<br>Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri |
| 50 Lc | **GENERAL CONSULTING**<br>Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar |
| 50 Lc | **INTERNAL MEDICINE**<br>Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust • Babu Nanakchand Poonamchandji Trust |
| 50 Lc | **DIABETIC DEPARTMENT**<br>Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah |

# બ્લડપ્રેશર અને ડાયાબિટીસનું માપ કાઢતી સ્માર્ટવોચ કેટલી ભરોસાપાત્ર ?

દિવસ દરમ્યાન કેટલી કસરત થઈ ? દિવસમાં કેટલા સ્ટેપ્સ ચાલી શકાયું ? કેટલી કેલરી વપરાઈ ? રાતે કેટલી ઊંઘ થઈ ? બ્લડપ્રેશર કેટલું છે ? શરીરમાં શુગરની માત્રા કેટલી છે ?

આ બધા સવાલોના જવાબો મેળવવા માટે હવે ફિટનેસ ટેસ્ટ કે તબીબી પરીક્ષણો કરવાની જરૂર પડતી નથી. એક સ્માર્ટવોચ, ફિટનેસ ટ્રેકર ડિવાઈસ કે એપ આ બધા જવાબો આપે છે. પળેપળનો ડેટા ફિટનેસ ટ્રેકર્સમાંથી મળી જાય છે.

પણ સવાલ એ છે કે આ ફિટનેસ ટ્રેકર્સ ખરેખર આપણને સાચું કહે છે ? એની ગણતરી ઉપર ભરોસો કરી શકાય ખરો ? બ્રિટિશ કન્ઝુમર વોચડોગે લંડનની મેરેથોન દરમ્યાન સ્માર્ટવોચનું ટેસ્ટિંગ કર્યું હતું. પહેરી શકાય એવા ફિટનેસ ટ્રેકર્સની કેટેગરીના આ સંશોધનમાં જણાયું કે વિવિધ કંપનીઓની સ્માર્ટવોટ ચાલવા-દોડવાનો જે રેકોર્ડ બતાવે છે, તે પૂર્ણ રૂપે શ્રદ્ધેય નથી. મેરેથોન માટે ૪૨ કિલોમીટરનું અંતર નિયત થયું છે. બ્રિટિશ કન્ઝયુમર વોચડોગના સંશોધનમાં જાણવા મળ્યું કે વિવિધ સ્માર્ટવોચમાં મેરેથોનનું અંતર અલગ અલગ હતું. આ ડિવાઈસમાં અંતર માપવા માટે જીપીએસનો ઉપયોગ થાય છે. જો જીપીએસમાં કંઈક ગરબડ સર્જાય તો ચોક્કસ માપ આવતું નથી. નેટવર્ક ન હોય ત્યારે પણ સરખું અંતર મપાતું નથી. ફિટનેસ ટ્રેકર્સ પગલા નહીં, પરંતુ અંતરનો ડેટા પણ આપણને આપે છે. સ્ટેપ્સ કાઉન્ટ કરવાની બીજી રીત પણ છે. એમાં એક સ્ટેપ્સના આધારે ગણતરી માંડીને બન્ને સ્ટેપ્સનો ડેટા અપાય છે. ચાલતી વખતે જે ધબકારાનો અનુભવ થાય એની ગણતરી માડીને અમુક સ્ટેપ્સ ટ્રેકર્સ આપણને ડેટા આપે છે.

બ્રિટિશ કોલંબિયા યુનિવર્સિટીના સંશોધનમાં પણ ફિટનેસ ટ્રેકર્સની વિશ્વસનીયતા સામે સવાલો ખડા થયા હતા. ૧૦ હજાર સ્ટેપ્સના બદલામાં સ્માર્ટવોચનો ડેટા માત્ર ૬ હજાર સ્ટેપ્સ ચાલ્યાનો રેકોર્ડ બતાવતો હતો. કેલરીના ડેટામાં પણ ખામી જણાતી હતી. કેટલું અંતર કાપ્યું તે બાબતે એ અભ્યાસમાં પણ ૨૦ ટકા સુધી ભૂલભરેલી ગણતરી જોવા મળી હતી. સ્માર્ટવોચ પહેરવાને બદલે ઘણા લોકો સ્માર્ટફોનમાં ફિટનેસ એપ્સ ઈન્સ્ટોલ કરીને સ્ટેપ્સ કાઉન્ટિંગ કરતા રહે છે. છેલ્લા બે-ત્રણ વર્ષમાં મેસેજિંગ એપ્સ પછી ફિટનેસ એપ્સની લોકપ્રિયતા ૧૧ ટકા વધી છે. કેટલું ચાલ્યા તે પગલાંની ગણતરી ઉપરાંત કેલરી અને ઊંઘની વિગતો સ્માર્ટવોચ પહેર્યા વગર મળતી હોવાથી વપરાશ કરનાર તેનો અખતરો કરતા થયા છે. સ્ટેપ ટ્રેકર એપ્સ મોટાભાગે હૃદયના ધબકારા અને લોહીમાં રહેલા ઓક્સિજનને આધારે ડેટાની ગણતરી કરે છે અને હૃદયના ધબકારા માપીને બ્લડ - પ્રેશરની વિગતો આપે છે.

હવે શુગર કાઉન્ટિંગનો નવો ટ્રેન્ડ આવી રહ્યો છે. બજારમાં રજૂ થનારી નવી સ્માર્ટવોચ બ્લડપ્રેશરની સાથે શુગર પણ માપી આપશે. આને કેટલાય ટેકનોએક્સપર્ટસ બહુ મોટી ક્રાંતિ ગણાવી રહ્યા છે. એનાથી શુગર માપવાની પરંપરાગત પદ્ધતિ બદલાઈ જશે એમ કહીને આ નિષ્ણાતો ઉમેરે છે કે અત્યાર સુધી ગ્લૂકોમીટરની મદદથી સોય ભોંકીને લોહીના ટીપામાં શુગરની માત્રા કેટલી છે એ ચકાસવામાં આવે છે. સ્ટ્રિપ અને ગ્લુકોમીટર થોડી સેકન્ડ પ્રોસેસ કરીને લોહીમાં શુગરનું પ્રમાણ જણાવે છે, પરંતુ જો લોહી કાઢ્યા વગર એ જાણી શકાય તો મોટી ક્રાંતિ આવશે. બ્લડપ્રેશરની જેમ શુગરનો પણ સ્માર્ટવોચ કે સ્માર્ટરિંગની મદદથી રિયલટાઈમ ડેટા મળી શકે. અમુક કલાકોના અંતરે સતત એ ચેક કરીને શુગરના વધારા-ઘટાડા પર નજર રાખી શકાય, પણ નિષ્ણાતોની આ ધારણા વચ્ચે અમેરિકાની એજન્સી ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશને (એફડીએ) આવી સ્માર્ટવોચ પર ભરોસો ન કરવાની ચેતવણી આપીને ચર્ચા જગાવી છે. દવાઓ કે આરોગ્યમાં વપરાતી ટેકનોલોજી માટે અમેરિકામાં આ એજન્સીની પરવાનગી લેવી ફરજિયાત છે. એ દુનિયાની સૌથી કડક એજન્સી છે અને સંપૂર્ણ ખરાઈ કર્યા વગર ગમે તેવી મોટી ફાર્મા કંપની હોય તો પણ તેમને પરવાનગી મળતી નથી. એ એજન્સીએ સ્માર્ટવોચથી શુગર માપવાના નવા ટ્રેન્ડ સામે લાલબત્તી ધરી છે.

એજન્સીના કહેવા પ્રમાણે સ્માર્ટવોચના ભરોસે જો શુગર પર નજર રાખવાનું વિચારતા હો તો ઉતાવળ ન કરતા. અત્યારે જેટલી સ્માર્ટવોચ છે એનાથી એકેયને અમેરિકન એજન્સીએ શુગરના માપવાની પરવાનગી આપી નથી. કંપનીઓ સીધી રીતે એનો લેખિતમાં કે બોક્સમાં દાવો નથી કરતી, પરંતુ ઘણી કંપનીઓ સ્માર્ટવોચ વેચતી વખતે ગ્રાહકને મૌખિક રીતે જણાવવા લાગી છે કે બ્લડપ્રેશરની જેમ સ્માર્ટવોચ શુગર પર પણ નજર રાખશે. એફડીએ માને છે કે લોહી કાઢ્યા વગર અત્યારે માત્ર શરીરના સંપર્કમાં આવવાથી શુગર વધ-ઘટનું ચોક્કસ માપ મળી શકે તેવી ટેક્નોલોજી વિકસી નથી. જો સ્માર્ટવોચના ડેટાનો આધાર લઈને ડાયાબિટીસની દવાઓ લેવામાં આવે તો શક્ય છે કે જોખમ વધી શકે. સ્માર્ટવોચ કહે કે શુગર ઘટી ગયું એટલે ગળ્યું ખાઈને એનું સંતુલન જાળવવાની કવાયત થાય, ત્યારે શક્ય છે કે ધારણા કરતાં શુગર વધારે ઘટ્યું ન હોય તો સંતુલન ખરાબ થઈ શકે. એ જ રીતે વધારે બતાવે ત્યારે ઘટાડવા માટે દવા લેવાથી આડઅસર થઈ શકે.

એફડીએના આ દાવા પછી સ્માર્ટવોચ મેકર્સ કંપનીઓને મોટો ફટકો પહોંચ્યો છે. એક પણ કંપનીની સ્માર્ટવોચમાં અત્યારે શુગર માપવાનું ફીચર નથી, ઘણા ટેકનોએક્સપર્ટસ એવી ધારણા વ્યક્ત કરતા હતા કે કદાચ આ વર્ષના અંત સુધીમાં બ્લડપ્રેશરની જેમ શુગર

માપવાનું ફીચર હોય એવી સ્માર્ટવોચ કે રિંગ ઉપલબ્ધ બની જશે. બે-ત્રણ મોટી સ્માર્ટફોન બનાવતી કંપનીઓએ કરોડોના ખર્ચે એના પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે અને ટૂંક સમયમાં દુનિયાભરમાં એનું વેચાણ શરૂ કરવાની ધારણા હતી, પરંતુ અમેરિકાની આ એજન્સીએ આ સ્પષ્ટતા કરી પછી મૌખિક રીતે વેચાણ માટે દાવો કરતી કંપનીઓએ એવો દાવો બંધ કરી દેવો પડશે.

સ્માર્ટવોચ મેકર્સ કંપનીઓ ઉપરાંત ગ્લૂકોમશીન બનાવતી ઘણી કંપનીઓનો પણ લોહી કાઢ્યા વગર શુગર માપવાનું મશીન આવ્યું હોવાનો દાવો છે. ગૂગલ સર્ચમાં શુગર ટેસ્ટીંગ મશીન કીવર્ડસમાં સૌથી વધુ સર્ચ શુગર ટેસ્ટીંગ મશીન વિધાઉટ બ્લડ અથવા વિધાઉટ સ્ટ્રિપ એવા કીવર્ડસ થાય છે અને તેના પરિણામો ઘણા મશીન બતાવશે, પરંતુ એફડીએ કહે છે કે અત્યારે બ્લડના ટેસ્ટીંગ વગરની એક પણ પદ્ધતિને પરવાનગી આપી નથી.

ટૂંકમાં એપ્સ કે સ્માર્ટવોચના આધારે બ્લડપ્રેશર પર નજર રાખીને સાવધાન રહેવું સારું છે, પરંતુ એના પર સંપૂર્ણ ભરોસો રાખી શકાય નહીં. એ વધુ વિશ્વસનીય ઉપકરણો છે તેની મદદથી ડોક્ટર્સ જે ઓપિનિયન આપે એ વધુ વિશ્વસનીય છે. એ જ રીતે સ્માર્ટવોચ પહેરવાથી શુગરનું પ્રમાણ જાણી શકાય એવો દાવો થાય તો પણ ચેતી જવું. ભવિષ્યમાં જ્યારે સરકારી હેલ્થ એજન્સીઓ પરીક્ષણો કરીને સત્તાવાર પરવાનગી આપે પછી જ આવા ડિવાઈસ પર ભરોસો કરી શકાય.

❑ હર્ષ મેસવાણિયા

## પ્રતિબિંબ એ પૂર્ણવિરામ હોતું નથી

શહેરની આર્ટ ગેલેરીમાં એક ચિત્ર પ્રદર્શન યોજાયું હતું. કલા રસિકો આ ચિત્રોને જોઈને એની ખૂબી અને ખામીઓની ચર્ચા કરતા હતા. કેટલાક શ્રીમંતો પોતાના ઘરની શોભા વધારવા ચિત્રો ખરીદતા હતા.

આમાંથી એક શ્રીમંતને ગામડાની ગરીબ નારીનું ચિત્ર ગમી ગયું. એ સ્ત્રીના કંગાળ શરીર પર જ નહીં, બલ્કે એની નિસ્તેજ આંખોમાં પણ ગરીબી ડોકિયા કરતી હતી. શ્રીમંતે આ ચિત્ર જોયુ અને પૂરા ૫૦ હજારમાં ખરીદી લીધું.

ચિત્ર લઈને એ શ્રીમંત બહાર નીકળ્યો ત્યાં જ ગેલેરીના ઝાપા પાસે એક ગરીબ ભિખારણ ઊભી હતી. કંઈક લાચારીના ભાવ સાથે આજીજીભર્યો હાથ લાંબો કર્યો એ ભીખ માગતી બોલી.

અરે સાહેબ, કેટલાય દિવસોથી ભૂખી છું. ગામડેથી આવી છું મારુ અહીં કોઈ નથી. કંઈક આપો ને ! પેલા શ્રીમંતે આ ગરીબ સ્ત્રી તરફ નજર નાખી. નજીક આવ્યો અભડાઈ જતો હોય તેમ સહેજ પાછો હટી ગયો.

એજ પળે પેલી ભિખારણની નજર પેલા ચિત્ર પર પડી એ ભિખારણ આશ્ચર્યમાં ડૂબી ગઈ અને બોલી.

સાહેબ, આ ચિત્ર આપને ક્યાંથી મળ્યું ?

શ્રીમંતે કહ્યું: 'આ પ્રદર્શનમાંથી મેં રૂા. ૫૦ હજાર આપીને ખરીદી લીધું છે જા ! આઘી ખસ, જો તારો હાથ અડી ના જાય.

આમ કરીને શ્રીમંત ચાલ્યો ગયો. જેનું ચિત્ર હતું એ ગામડાની સ્ત્રીને ધુત્કારી કાઢી, જ્યારે એના ચિત્રને પચાસ હજાર રૂપિયામાં ખરીદ્યું.

માનવી બિંબને ભૂલી જાય છે અને પ્રતિબિંબની પૂજામાં પડી જાય છે.

મૂળ ધર્મને વીસરી જાય છે અને સંકુચિત સાંપ્રદાયિકતામાં બંધાઈ જાય છે, એ બંધન એટલા જડ બની જાય છે કે પછી મૂળ ધર્મથી એ વેગળો ચાલ્યો જાય છે. એમાં એવી ક્રિયાઓનું ઉમેરણ થતું જાય છે કે જેને મૂળ ભાવના સાથે કોઈ નિસ્બત ન હોય બલ્કે એ ક્રિયા મૂળ ભાવનાઓની તદ્દન વિરુદ્ધ હોય.

જ્યાં અપરિગ્રહ ને આંતરદર્શનને જ સ્થાન હોય ત્યાં પરિગ્રહ અને બાહ્યાડંબર આસન જમાવીને બેસી જાય ત્યારે શું કહેવું ?

જ્યાં પ્રવૃત્તિના સુક્ષ્મ જીવનને જોવામાં આવ્યું હોય ત્યાં લાંબો ફૂલોનું નિકંદન નીકળે તો શું કહેવું ?

જ્યાં સચ્ચાઈ અને વચનપાલન એજ ધર્મનો આચાર હોય ત્યાં ભ્રષ્ટાચાર અને અપ્રમાણિકતા ભારોભાર હોય ત્યાં શું કહેવું ?

માનવીએ પ્રતિબિંબમાં જ પૂર્ણવિરામ માનવાનું નથી. બિંબની શોધ એજ એનું જીવનકર્તવ્ય છે.

## અગત્યની સુચના

જેઓને પ્રતિબિંબ નથી મળતાં તેઓને ખાસ વિનંતી છે કે સંસ્થાની ઓફિસમાં તમારું એડ્રેસ, ફોન નંબર, પુરુ નામ, મહોલ્લો તથા ઈમેલ તાત્કાલિક શ્રી પાટણ જૈન મંડળી ઓફિસમાં લેખિત મોકલી આપો. જેઓના ઘર રીડેવલપમેન્ટમાં ગયેલ હોય અને હંગામી ધોરણે નામ-સરનામાં બદલાઈ ગયા હોય તેઓએ પણ મોકલી આપવા જરૂરી છે, અહીં પ્રતિબિંબ પાછા આવે છે. (વોટ્સ એપ : 8779161209)

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત વુમન એમ્પાવરમેન્ટ સમિતિ

**આયોજિત**

# બોક્સ ક્રિકેટ

## WOMEN'S CRICKET - T-10 TOURNAMENT

***Date :*** **16th November 2024 Saturday • *Time :* 10 am onwards**

***Venue :***

**V. K. Menon Trust, 462 Gorai Road, New MHB Colony, Ashtavinayak Nagar, Borivali (W), Mumbai.**

**૧૮ વર્ષથી ઉપરની જે બહેનોને ભાગ લેવાની ઈચ્છા હોય તેમણે નીચે જણાવેલ નંબર ઉપર પોતાની ડીટેલ વોટ્સએપ કરવી. જેણે વિગતો શરૂઆતમાં આપેલ હોય તેમણે પાછી આપવાની જરૂર નથી.**

Name : ........................................................................................................ Age : ..........................

Mohalla : ................................................................................. Residence Area : ...............................


Playing Skill : ............................................................................. Contact No. : ....................................

**ઉપર જણાવેલ વિગતો ભરી નીચેનામાંથી કોઈપણ એક નંબર ઉપર વોટ્સએપ કરવો**

**શ્રીમતી હીનાબેન શાહ : 9022949432**

**શ્રીમતી ભાવીનીબેન શાહ : 9920064668**





**શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ**
**(કનાસાનો પાડો)**

## શ્રદ્ધા સુમન

મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૮૭-૮૮ થી જોડાઈ સતત ૩૬ વર્ષ પર્યંત કાર્યરત.
શ્રી પાટણ જૈન મંડળમાં સને ૨૦૦૨-૦૫ માનદમંત્રી.
સમાજના સિનિયર સિટીઝનોનો અરસ-પરસ મિલનોત્સવ યોજવાની શરૂઆત.
યાત્રા પ્રવાસ
જીવન સૌરભનો પ્રારંભ
પાટણ ખાતે સમાજના કુટુંબો સ્વાવલંબી બની રહે તેવા શુભ આશયથી કનાસા કલ્યાણકેન્દ્રના સ્થાપક.
કનાસાના પાડાના શાંતિનાથ દાદાના મોટા દેરાસરના ટ્રસ્ટી.
ઉપરોક્ત સેવાઓ આપીને તેમનું જીવન સાર્થક કર્યું છે.

ૐ શાંતિ

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | વિપુલભાઈ વિજયકુમાર જૈન | ૫૪ | શિરપુર | ૧૨-૦૮-૨૪ | શ્રાવણ વદ ૦૭ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | નીરૂબેન ફતેહચંદ શાહ | ૮૭ | મુંબઈ | ૩૦-૦૮-૨૪ | શ્રાવણ વદ ૧૨ |
| સાલવી | સાલવી વાડો | નિર્મલભાઈ કાંતિલાલ સાલવી | ૭૦ | મુંબઈ | ૦૨-૦૯-૨૪ | શ્રાવણ વદ ૧૪ |
| વિશા શ્રીમાળી | ચૌધરીની શેરી | કીર્તિકુમાર નાનાલાલ શાહ | ૯૦ | ગ્રાન્ટરોડ | ૦૨-૦૯-૨૪ | શ્રાવણ વદ ૧૪ |
| વિશા ઓશવાલ | ખડાખોટડીનો પાડો | બીપીનચંદ્ર રમણલાલ ઝવેરી | ૮૮ | મરીનડ્રાઈવ | ૦૨-૦૯-૨૪ | શ્રાવણ વદ ૧૪ |
| વિશા પોરવાળ | સંઘવીનો પાડો | નીનાબેન પ્રતાપચંદ પટવા | ૭૭ | વસઈ | ૦૯-૦૯-૨૪ | ભાદરવા સુદ ૦૬ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | ભરતભાઈ કાંતિલાલ શાહ | ૮૪ | વાલકેશ્વર | ૧૮-૦૯-૨૪ | ભાદરવા સુદ ૧૫ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## સંસ્થા સમાચાર

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય બોય હોસ્ટેલ પુના** ખાતે આપણા સમાજના જે વિદ્યાર્થીઓને પુના ખાતે શિક્ષણ લેવા જવું હોય અને રહેવાની સગવડ જોઈતી હોય તો ૧૨ રૂમ આપણી પાસે છે જેનો લાભ વિદ્યાર્થીઓ લઈ શકશે.

**આ રૂમોના દાતા શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ છે.**

**આ માટે સંપર્ક સાધો શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ - ગોવાલિયા ટેન્ક - મો. ૯૮૨૧૦૮૩૪૮૭**


જય જિનેન્દ્ર

**પાટણનો પ્રખ્યાત સાલમપાક**

**(જયણા પૂર્વક બનાવેલ) તેમજ સ્પે. ખજૂરપાક મેળવવાનું વિશ્વાસ પાત્ર સ્થળ**

સાલવી હેતલ દેવાંગ : 9898866640

સાલવી ભાવિની શૈલેષ : 9265107309

૪૦-એ, મલ્હાર ગ્રીન બંગલો, કાળકા રોડ, પાટણ- ૩૮૪૨૬૫

ADVT








**ઓગસ્ટ - ૨૦૨૪, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩**

**મુંબઈ કાર્યાલય:- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

**મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬**

| | |
|---|---|
| શ્રીમતી શોભાબેન ભગવાનલાલ દલાલ પરિવાર (પાટણ-શેડફંડ) | ૧,૧૧,૧૧૧ |
| શ્રી ભગવાનલાલ પ્રેમચંદ દલાલ પરિવાર (પાટણ-શેડફંડ) | ૧,૧૧,૧૧૧ |
| શ્રી વિવેકભાઈ વિલેશભાઈ દલાલ પરિવાર (પાટણ-શેડફંડ) | ૧,૧૧,૧૧૧ |
| શ્રી ગુરુકૃપા ફાઉન્ડેશન (અમદાવાદ) | ૭૫,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૭૩,૫૦૦ |
| શ્રીમતી કાન્તાબેન | ૬૬,૦૦૦ |
| શ્રીમતી બીનાબેન પ્રદિપભાઈના સ્મરણાર્થે હ. પ્રદિપભાઈ કે. પત્રાવાલા (લોનાવલા) | ૫૧,૦૦૦ |
| શ્રી નવિનચંદ્ર જેશીંગલાલ શાહના સ્મરણાર્થે તથા શ્રીમતી વિરમતિબેન નવિનચંદ્ર શાહના સ્મરણાર્થે તથા શ્રી અક્ષયભાઈ નવિનચંદ્ર શાહના સ્મરણાર્થે (કપુરમહેતાનો પાડો) હ. હેમાબેન ચંપકલાલ શાહ | ૫૦,૦૦૦ |
| શ્રી નવિનચંદ્ર જેશીંગલાલ શાહના સ્મરણાર્થે તથા શ્રીમતી વિરમતીબેન નવિનચંદ્ર શાહના સ્મરણાર્થે (કપુરમહેતાનો પાડો) હ. શ્રીમતી કલ્પનાબેન બિરેનભાઈ શાહ | ૫૦,૦૦૦ |
| મે. સી. જે. શાહ એન્ડ કું. (મુંબઈ) | ૩૭,૦૦૦ |
| શ્રી કરણભાઈ દિનેશભાઈ શાહ (મુંબઈ) | ૨૮,૦૦૦ |
| શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ | ૧૮,૯૦૦ |
| રોટો રેકટ ક્લબ ઓફ પાટણ (પાટણ) | ૨૫,૦૦૦ |
| શ્રીમતી સુધાબેન નવનીતભાઈ શાહ પરિવાર ને અન્યો (મુંબઈ) હ. બિન્દુબેન | ૨૨,૦૦૦ |
| શ્રી જશવંતભાઈ હેમચંદભાઈ શાહ (ભાયંદર-મુંબઈ) | ૨૨,૦૦૦ |
| શ્રી મલ્લીનાથ દાદા જૈન સંઘ (મલ્લાતનો પાડો - પાટણ) | ૧૨,૬૦૦ |
| શ્રી કલ્પેશભાઈ ચાવલા | ૧૧,૦૦૦ |
| શ્રી હરનીકભાઈ આર શાહ (ડંકમહેતાનો પાડો - મુંબઈ) | ૧૧,૦૦૦ |
| શ્રી ઉમેશચંદ્ર કંચનલાલ શાહ (કોકાનો પાડો - મુંબઈ) | ૧૧,૦૦૦ |
| શ્રી વિનયભાઈ આર. શાહ (મુંબઈ) | ૧૧,૦૦૦ |
| સ્વ. તુષારભાઈ ચીમનલાલ શાહના સ્મરણાર્થે હ. ડૉ. શ્વેતલ શાહ (મલ્લાતનો પાડો - અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી ઈન્દીરાબેન ચંદ્રકાંત શાહ (અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રી નરેન્દ્રભાઈ લીલાધર શાહ (મુંબઈ) | ૧૦,૮૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB • September 2024 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## સાભાર સ્વીકાર

**લોનાવલા હોલીડે હોમ પ્રોજેક્ટ ભેટ :**

૧,૨૫,૦૦,૦૦૦/- શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
૧,૬૩,૯૨,૮૨૮/- શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ (અમદાવાદ)
૫૦,૦૦,૦૦૦/- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)

**સૌરભ મેડિકલ હેલ્થકેર ભેટ :**

૪૩,૨૩,૭૨૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)
૧૪.૫૦,૦૦૦/- ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી (બ્રાહ્મણવાડો)
૪,૭૧,૯૨૫/- શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ સાંડેસરા પરિવાર (કેશુશેઠનો પાડો)

**જીવન નિર્વાહ ભેટ :**

૯,૮૫,૩૩૨/- શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

**મેડિકલ સહાય ભેટ :**

૫,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
૫,૦૦,૦૦૦/- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૨૭,૦૦૦/- શ્રીમતી રમીલાબેન ચંપકલાલ શાહ

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૪. શ્રીમતી કિન્નરીબેન દીપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૫. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૬. શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

## તપસ્યા અનુમોદના :

પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે આપણા સમાજમાંથી અનેક ભાઈ-બહેનોએ કર્મની નિર્જરા કરનાર **નાનીમોટી તપશ્ચર્યા કરી હશે.** અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસ કરનાર ભાઈ-બહેનોએ પોતાના નામ, ઉંમર, રહેઠાણ વિસ્તાર, પાટણનો મહોલ્લો, તપનો પ્રકાર ઈત્યાદિ વિગતો **મોડામાં મોડી તા. ૧૪-૧૦-૨૦૨૪ સુધીમાં મંડળના કાર્યાલયમાં લેખીત મોકલવી.** મળેલ તપસ્વીની યાદી અનુકુળતાએ પ્રતિબિંબમાં પ્રકાશિત કરવાના પ્રયત્ન કરીશું, **ત્યારબાદ મળેલ વિગતો પ્રગટ કરવામાં આવશે નહીં.** જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

ચાલુ સાલે જે તપસ્વી ભાઈ-બહેનોએ **વરસીતપ જેનું પુરુ થયું હોય તે માસક્ષમણ/સિદ્ધિતપની ઉગ્રતપશ્ચર્યા કરી હશે તેઓના ફોટા છાપવાનું નક્કી કરવામાં આવેલ છે,** તો તેવા તપસ્વીઓએ પોતાનો 'રંગીન ફોટો પાસપોર્ટ સાઈઝનો પાછળ નામ લખીને' મંડળના મુખ્ય કાર્યાલય ખાતે મોકલાવી આપવા.

❑ **સંપાદક સમિતિ**

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,